**અમદાવાદ(રુરલ)ના મે. ૭માં જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ. ક. સાહેબની કોર્ટમાં,**

**ફોજદારી કેસ નંબર:૬૧૫૬/૨૦૧૨**

**આંક :૨૮**

**ફરીયાદી** : સરકારશ્રી

વિરુઘ્ધ

**આરોપી** : (૧) સંદીપભાઈ બાબુભાઈ દેસાઈ
રહે, મકાન નં.૨૩૭, સેકટર–૪, મહેશભાઈ મોતીભાઈના મકાનમાં, ચાણકયપુરી, અમદાવાદ.
(૨) કુલાભાઈ જીવણભાઈ રબારી
રહે, દેવનંદન ફલેટમાં ચોકીની ઓરડીમાં, ચાણકયપુરી બ્રીજ પાસે, અમદાવાદ.
(૩) દશરથભાઈ ભુરાભાઈ દેસાઈ
રહે, ચેહરનગરના છાપરા, ચાણકયપુરી, સેકટર–૩ ની સામે, અમદાવાદ.
(૪) ભરતભાઈ રાજુભાઈ દેસાઈ
રહે, રાધાસ્વામી રો હાઉસ, ઘ.નં.૧૫, ચાણકયપુરી, અમદાવાદ
(૫) દિલીપભાઈ તળજાભાઈ રબારી
રહે, સેકટર–૬, ઘર નં.૬, ૨૭૨, ચાણકયપુરી, અમદાવાદ.

**ગુન્હો : જુગારધારાની કલમ ૪, ૫ મુજબ**

**//ચુકાદો //**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૧ નાઓએ ચાણકયપુરી સેકટર નં. ૪/૨૩૭ ઘાટલોડીયા, અમદાવાદ ખાતે મહેશભાઈ મોતીભાઈ દેસાઈની ઓરડી નં.૩ ની ભાડેથી રાખી પોતાના કબજાની ઓરડીમાં પોતાના આર્થિક ફાયદા સારૂ બાંગ્લાદેશમાં રમાતી એશીયા કપની તા.૧૮/૩/૨૦૧૨ ના કલાક ૧૭/૩૦ વાગ્યાના સુમારે ભારત–પાકીસ્તાનની વન–ડે મેચના જીવંત પ્રસારણ દરમ્યાન તમામ આરોપીઓએ ભેગા મળી જીવંત મેચના ઓવર સેશન ઉપર મોબાઈલ ફોનથી ક્રિકેટ સટટો રમી રમાડી ક્રિકેટ સટટો રમવાના સાધનો એટલે કે, કુલ્લે કિં.રૂા.૯૨,૫૫૦/– ના મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન પકડાઈ જઈ ઘી જુગાર ધારા–૪, ૫ મુજબનો ગુનો કરેલ છે. બનાવ બાબતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપ્યા બાદ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) ઉપરોકત આરોપીઓને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે અને ગુના અંગે પુછતાં આરોપીની આંક–૨૧ થી ગુના કબુલાતની પુરસીસ આપેલ છે અને ગુનો કબુલ કરતા હોય, તેમની સામેના ગુનાની હકીકત વાંચી, સંભળાવી, સમજાવતા અને આરોપીઓની આંક:૨૨ થી ૨૬ સુધી પ્લી લેતા આરોપી કોઈ ધાકધમકી કે દબાણ વગર ગુનો કબુલ કરતા હોય તેમ જણાય છે અને તેમનો આ પ્રથમ ગુનો હોય હળવી સજા કરવા વિનંતી કરેલ છે.

(૩) આ ગુનાના કામે મુદ્દામાલ રોકડ રકમ કબજે કરવામાં આવેલ છે. જે કામે મુદ્દામાલ રોકડ રકમ તથા અન્ય મુદ્દામાલ અંગે આંક–૨૭ થી નો કલેઈમ પુરશીશ રજુ કરેલ છે જે ધ્યાને લ ેતાં તેઓ સદર મુદ્દામાલ રોકડ રકમ અંગે કોઈ માંગણી કે તકરાર કરતાં નથી કે તે અંગે કોઈ વાંધો લેતાં નથી. આ સંજોગોમાં આ મુદ્દામાલ પાવતી નં. ૬૧/૨૦૧૨ માં જણાવેલ વિગતથી બાકી રહેલ મુદ્દામાલ રોકડ રકમ તથા અન્ય મુદ્દા માલ તેઓ પરત મેળવવા માંગતા ન હોઈ, જેથી નીચે મુજબનો હુકમ કરવાનુ યોગ્ય અને ઉચિત જણાય છે.

(૪) વધુમાં આ કામે હાલના આરોપીઓ સામેના કેસની હકીકતો, રજુઆતો અને કબુલાતના સંજોગો જોતાં આ ગુનામાં ઉપરોકત આરોપીઓને કસુરવાન ઠરાવવામાં આવે છે. સજાની જોગવાઈ, સંજોગો ધ્યાને લેતાં આરોપીઓને પુરેપુરી સજા કરવાને બદલે **નામ.ગુજરાત હાઈકોર્ટના જી.એલ.આર.૨૦૦૫, પેજ નં.૧૦૯ પરના સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંદજી ઠકકર**ના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ હળવી સજા કરવાનું ન્યાયોચિત જણાય છે. આમ, સમગ્ર હકીકતો લક્ષમાં રાખી હાલના ઉપર લખ્યા આરોપીઓને ગુનો કબુલ કરતાં હોય, હાલના ઉપર લખ્યા આરોપીઓને ગુનાની કબુલાતન સંજોગોને ધ્યાને લઈ નીચે મુજબનો ખાસ હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ::–**

ઉપર લખ્યા આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ મુજબ જુગાર ધારા–૪,૫ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીઓને કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂપિયા ૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા)નો દંડ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડ ન ભરે તો દિવસ–૩ ની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ રોકડ રકમ અપીલ સમય બાદ સરકારશ્રીમાં ખાલસા કરવાનો હુકમ

કરવામાં આવે છે. જયારે આંક–ર૭ ની નો કલેઈમ પુરશીશ મુજબ અન્ય મુદ્દામાલનો અપીલ સમય પુરો થયા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. જયારે મુદ્દામાલ મોબાઈલ તેમજ વાહન અંગે ઈન્કવાયરી કરી નીકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ: રરમી, માહે:જુલાઈ, સને ૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(રાકેશ લલિત ગુપ્તા)**
UIC No GJ01371
૭માં જયુડી.મેજી.ફ.ક
અમદાવાદ(ગ્રામ્ય)મીરઝાપુર.

**તા.૨૨/૦૭/૨૦૧૮**
અમદાવાદ(ગ્રામ્ય)